RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 213* Date: 31.05.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧,૭૩,૪૯૧,મૃત્યુઆંક ૪૯૮૦એ પહોંચ્યો

## કોરોના બ્લાસ્ટ: ૨૪ કલાકમાં વિક્રમજનક ૮૧૩૪ કેસો, ૨૬૫ના મોત

*ન્યુ દિલ્હી,તા.૩૦*

દેશમાં એક તરફ લોકડાઉન-૪માં વધારો કરવાની તૈયારીઓ સાથે જાણે એકાએક કોરોના વાઈરસનો બોંબ ફૂટ્યો હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૮,૧૩૪ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો હતો. તેની સાથે છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૬૫ દર્દીઓના મોત થયા છે. કેસો અને મોતનો આંકડો અત્યારસુધીમાં સૌથી વધારે છે. આવતીકાલ ૩૧ મેના રોજ લોકડાઉન-૪ની મુદત પૂરી થઇ રહી છે અને નવી ગાઇડલાઇન સાથે લોકડાઉન-૫ની જોહેરાતની પૂર્વ સંધ્યાએ જ કેસો અને મોતનો આંક ભયજનક માનવામાં આવી રહ્યાં છે. લોકડાઉન ખુલવાના સમયે જ કેસો વધારે બહાર આવતા હોવાની પણ એક પેટર્ન જોવા મળી રહી છે. દર્દીઓના કેસમાં ભારત દુનિયાના ૯મા નંબરે પહોંચી ગયું છે. હાલમાં અમેરિકા પહેલા સ્થાને છે. એશિયામાં કોરોનાથી સૌથી વધારે સંક્રમિત દેશ તરીકે ભારતની ગણના કરવામાં આવી રહી છે. જો કે ભારતમાં કોરોના રીકવરી રેટ વધીને ૪૭ ટકા સધી પહોંચી ગયો છે. દરમ્યાનમાં લોકડાઉનની વચ્ચે ભાજપે આજે મોદી સરકાર ૨.૦ના એક વર્ષની ઉજવણી લોકડાઉનના નિયમોના પાલન સાથે કરી હતી.

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને રોકવા માટે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા લોકડાઉન-૧ હવે લોકડાઉન-૫ એટલે કે પાંચમા તબક્કામાં પ્રવેશવાની તૈયારીમાં છે ત્યારે એકાએક કેસોની સંખ્યા વધી જતાં સત્તાવાળાઓ પણ ચિંતામાં મૂકાઇ ગયા હતા. શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? એવો સવાલ પણ પૂછાઇ રહ્યો હતો. આ તબક્કો સૌથી ભયાનક અને ચરમસીમા સમાન મનાય છે. જેમાં કોઇને પણ કોરોનાનો ચેપ લાગી શકે છે.

સૂત્રોએ કહ્યું કે, વધેલા કેસોની સંખ્યા સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૭૩,૪૯૧ લોકો સંક્રમિત થયા છે અને ૪,૯૮૦ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૮૨,૬૨૭ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૬૨,૨૨૮ લોકો કોરોનાના સંકજામાં આવ્યા છે અને ૨,૦૯૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૨૦,૨૪૬ લોકો સંક્રમિત થયા છે અને ૧૫૭ લોકોના મોત થયા છે.તો આ તરફ ૧૭,૩૮૬ દર્દીઓ સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દિસ્હીમાં ૩૯૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે,અને રિકવરી રેટ વધીને ૪૭% પર પહોંચ્યો છે.

ભારતમાં જો કે હવે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે. જે સ્વસ્થ્ય થનારા લોકોનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ સાથે જ સાજા થનાર દર્દીઓનો આ આંકડો વધીને ૮૨૩૬૯ સુધી પહોંચી ગયો છે.

જો કે છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૯૭૧ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના હવે ૮૨૩૭૦ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૬૨૨૨૮ કેસ નોંધાયા છે જ્યારે ૨૦૯૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં ૨૦૨૪૬ કેસ નોંધાયા છે જેમાંથી ૧૫૪ લોકોના મોત નિપજ્યા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૭૩૮૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૧૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૬૯૦૧૧ લોકો સંક્રમણમાં આવ્યા છે જેમાંથી ૯૮૦ લોકોના મોત થયા છે.

ગઈ કાલે મહારાષ્ટ્રમાં ૨૬૮૨, દિલ્હીમાં ૧૧૦૫, તમિલનાડુમાં ૮૭૪, ગુજરાતમાં ૩૭૨, રાજસ્થાનમાં ૨૯૮ , પશ્ચિમ બંગાળમાં ૨૭૭, ઉત્તરપ્રદેશમાં ૨૭૫, કર્ણાટકમાં ૨૪૮, હરિયાણામાં ૨૧૭, ઉત્તારાખંડમાં ૨૧૬, બિહારમાં ૧૭૪, જમ્મુ-કાશ્મીરમાં ૧૨૮ અને આસામમાં ૧૪૪ દર્દી મળ્યા હતા. રાજસ્થાનમાં સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી કોરોનાના ૪૯ નવા કેસ નોંધાયા હતા. દિલ્હીમાં આજે



૧૧૦૬ સંક્રમિત વધ્યા છે. એક દિવસમાં સંક્રમિતોનો આ સૌથી મોટો આંકડો છે.

ઉત્તરપ્રદેશમાં દરરોજ ૧૦ હજાર કોરોનાના ટેસ્ટ કરાવામાં આવી રહ્યા છે. મુખ્ય સચિવ સ્વાસ્થ્ય અમિત મોહન પ્રસાદે આ અંગેની માહિતી આપી હતી. અહીંયા કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા વધીને ૪,૨૪૪ થઈ ગઈ છે

જ્યારે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, ૧ જૂનથી મંદિર, મસ્જિદ અને ગુરુદ્વારા ખૂલશે, પણ ૧૦થી વધારે લોકોને ભેગા થવાની મંજૂરી નહી મળે ધાર્મિક સ્થળો પર સભાઓ પણ નહીં કરી શકે.

મહારાષ્ટ્રના સતારા જિલ્લા હોસ્પિટલ તપાસ માટે ટ્રુનેટ ટેકનીકનો ઉપયોગ કરવા જઈ રહી છે. ટ્રુનેટ ટીબીની તપાસમાં ઉપયોગમાં લેવાતી ટેકનીતડ છે. જેનાથી એક કલાકમાં રિઝલ્ટ આવી જાય છે. કોરોનાના ટેસ્ટનું રિઝલ્ટ પણ એકથી બે કલાક વચ્ચે મળી જશે. આ ટેકનીકને ગોવાના મોલ્બિયો ડાયગ્નોસ્ટિક્સ દ્વારા તૈયાર કરાઈ છે.

મહારાષ્ટ્રમાં કોરોનાથી અત્યાર સુધી ૨૨ પોલીસકર્મીઓના મોત થયા છે. ૨૪ કલાકમાં ૧૩૦થી વધારે પોલીસકર્મી સંક્રમિત મળી આવ્યા છે. કુલ સંક્રમિત પોલીસકર્મીઓની સંખ્યા ૨,૦૯૫ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશના સતનામાં ગુરુવારે મહારાષ્ટ્રથી બિહાર જઈ રહેલી શ્રમિક સ્પેશ્યલ ટ્રેનમાં એક મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ટ્વીટ કરીને સતના રેલવે અને સ્વાસ્થ્યકર્મીઓને યોગ્ય વ્યવસ્થા કરવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## કોઈપણ સ્થિતિમાં ભારતના સ્વાભિમાન પર ઠેસ પહોંચશે નહી: રક્ષામંત્રી

ન્યુ દિલ્હી,તા.૩૦

ચીનની સાથે લદ્દાખ સરહદ પર તણાવની વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ટૂંક સમયમાં જ કેસ ઉકેલાઇ જશે. બંને દેશોની વચ્ચે મિલિટરી અને કૂટનીતિક રીતે વાતચીત ચાલુ છે. એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં રાજનાથ સિંહે કહ્યું કે દેશની પાસે આજે સક્ષમ નેતૃત્વ છે. દેશનું મસ્તક ઝૂકવા દેસે નહીં. દેશના લોકોને પણ તેનો પૂરો વિશ્વાસ છે. તેમણે નેપાળની સાથે પણ લિપુલેખ વિવાદની વાતચીતથી ઉકેલવાની આશા વ્યકત કરી.



રક્ષામંત્રી એ કહ્યું કે હું દેશને આશ્વાસન આપવા માંગું છું કે કોઇપણ સ્થિતિમાં ભારતના સ્વાભિમાન પર ઠેસ પહોંચશે નહીં. તેમણે કહ્યું કે ભારત કોઈને આંખ દેખાડવા માંગતું નથી. બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર ચીનની આપત્તિથી જોડાયેલા પ્રશ્ન પર રાજનાથ સિંહે કહ્યું કે આ આપણો હક છે. તેમણે કહ્યું કે અમે જે કરી રહ્યા છીએ તે આપણી સરહદમાં કરી રહ્યા છીએ. ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવું એ આપણો હક છે.રાજનાથસિંહે પીઓકેને ભારતનું અભિન્ન અંગ ગણાવતા કહ્યું કે નજીકના ભવિષ્યમાં દેશ તેના પર નિયંત્રની સંભાવનાને નકારી શકશે નહીં. રક્ષામંત્રીએ શનિવારના રોજ એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં સ્પષ્ટપણે કહ્યું છે કે પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળનું કાશ્મીર ભારતનો ભાગ છે.

રાજનાથ સિંહે કહ્યું કે પાડોશી દેશોની સાથે સારા સંબંધ બનાવીને ચાલવાની ભારતની સ્પષ્ટ નીતિ રહી છે. આપણી આ કોશિષ ખૂબ પહેલેથી ચાલતી રહી છે. કયારેક-કયારેક ચીનની સાથે એવી સ્થિતિઓ પેદા થઈ જાય છે. મે મહિનામાં આવી સ્થિતિઓ ઉભી થઇ છે. પરંતુ ઉકેલની કોશિષ ચાલુ છે.

ચીનના રાષ્ટ્રપતિની તરફથી પણ સ્પષ્ટપણે કહેવાયું છે કે કૂટનીતિક વાતચીત દ્વારા કેસને ઉકેલવા માંગીએ છીએ.રાજનાથ સિંહે આગળ કહ્યું કે ભારતની પણ એ કોશિષ છે કે તણાવ કોઇપણ સ્થિતિમાં ના વધે. મિલિટરી લેવલ પર વાતચીત જરૂરી હોય તો મિલિટરી લેવલ પર અને ડિપ્લોમેટિક લેવલ પર જરૂરી હોય તે એ સ્તર પર વાતચીત કરીને ઉકેલવી જોઇએ.

### મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ: વડાપ્રધાને દેશવાસીઓને લખ્યો પત્ર

## દેશ કોરોના સામેની જંગ જીતીને જ રહેશે: મોદીનો દ્દઢ વિશ્વાસ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

કોરોનાથી આખો દેશ લાંબી જંગ લડી રહ્યો છે. આ બધાની વચ્ચે ૨૯મી મેના રોજ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂરું થયું. પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લખેલા પત્રમાં કોરોનાની વિરૂદ્ધની લડાઈમાં એકજૂથતા અને દ્રઢ નિશ્ચયના જોરદાર વખાણ કર્યા છે. પીએમ પત્રમાં લખ્યું છે કે અત્યંત કષ્ટ ઉઠાવવા છતાંય દેશવાસીઓના મહાન પ્રયાસથી એ સુનિશ્ચિત થયું કે અસુવિધા એક તબાહીમાં બદલાઈ ના જાય.પીએમ મોદીએ લખ્યું, 'તમે સાબિત કર્યું છે કે ભારતીયોની સામૂહિક શક્તિ અને તાકાત વિશ્વના અન્ય શક્તિશાળી અને સમૃદ્ધ દેશો કરતાં ઘણી આગળ છે. આટલા મોટા સંકટ સમયમાં એવો બિલકુલ દાવો કરી શકાય નહીં કે કોઈને અસુવિધા કે પરેશાની ના થઇ હોય. નાના ઉદ્યોગોમાં કામ કરતા આપણા કામદારો, પ્રવાસી મજૂરો, મિસ્ત્રી અને કામદારોની સાથે જ હૉકર્સ અને અન્ય દેશવાસીઓને અસાધારણ વેદના સહન કરવી પડી છે. '

પીએમ મોદીએ તેમની સરકારની કામગીરીની વિસ્તૃત માહિતી પણ આપી છે. તેમણે કહ્યું, 'રાષ્ટ્રીય હિતમાં લેવામાં આવેલા ઐતિહાસિક પગલાં અને નિર્ણયો વિશે આ પત્રમાં માહિતી આપવું બહુ વધારે થશે. પરંતુ હું એ ચોક્કસ કહી શકું છું કે આ વર્ષના દરેક દિવસે મારી સરકારે ચોવીસ કલાક પૂરી તાકાત અને જોશની સાથે નિર્ણયોને લાગૂ કર્યા છે.પીએમ મોદીએ સર્જિકલ અને એર સ્ટ્રાઇક જેવા પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે સુપ્રીમ કોર્ટના રામ મંદિર અને નાગરિકતા સંશોધન કાયદાનો ઉલ્લેખ કર્યો હતો. પીએમએ કહ્યું કે રામ મંદિર અંગેના સર્વાનુમતે ચુકાદાને લીધે સદીઓથી ચાલી રહેલી ચર્ચાનું સૌહાર્દપૂર્ણ સમાપન થયું છે. ટ્રિપલ તલાકને બર્બર પ્રથા ગણાવી પીએમ એ એમ પણ કહ્યું હતું કે ગયા વર્ષે તે ગેરકાયદેસર હતું. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની જોગવાઈઓને હટાવા અંગે પત્રમાં કહ્યું કે "આનાથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના મજબૂત થઈ છે".પીએમ મોદીએ પત્રમાં કહ્યું કે લોકોએ તેમને સતત બીજી વાર એટલા માટે તક આપી કે જનતા પ્રથમ દાવમાં કરવામાં આવેલા કામોને મજબૂતીનો આધાર આપવા માંગતી હતી. પીએમએ લખ્યું કે, '૨૦૧૪ અને ૨૦૧૯ ની વચ્ચે ભારતમાં ઝડપથી વિકાસ થયો છે. ગરીબોના ઉત્થાનનું કામ કરવામાં આવ્યું છે. દેશે આર્થિક સમાવેશના રૂપમાં મફત ગેસ, વીજળી જોડાણ, સંપૂર્ણ સ્વચ્છતા ઉપરાંત દરેકને ઘર પૂરું પાડવાની દિશામાં કામ થયું છે.પીએમએ લખ્યું કે ભારતે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઇક દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. પીએમ મોદીએ કહ્યું છે કે આની સાથે વન રેંક વન પેન્શન (ઓઆરઓપી), વન નેશન વન ટેક્સ (જીએસટી) અને ખેડૂતો માટે વાજબી ટેકાના ભાવ જેવી પેન્ડિંગ માંગણીઓ પણ પૂર્ણ કરવામાં આવી છે.૨૦૧૯ ની ચૂંટણીનો ઉલ્લેખ કરતા વડા પ્રધાને કહ્યું કે, '૨૦૧૯ માં ભારતની જનતાએ માત્ર સ્થિરતા માટે મત આપ્યો ન હતો. દેશવાસીઓએ ભારતને નવી ઉંચાઇ પર લઈ જવાના સપના સાથે ભારતને વૈશ્વિક નેતા બનાવવા માટે પણ મત આપ્યો.

કોરોના વિરુદ્ધ ભારતનાં જંગનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે એકબાજુ જયાં મોટા આર્થિક સંસાધનો અને કાર્યક્ષમ હેલ્થકેર સિસ્ટમવાળી તાકાતો હતી, તો બીજી તરફ આપણા દેશમાં મોટી વસતી અને મર્યાદિત સંસાધનની મુશ્કેલીઓ હતી. ઘણા બધા લોકોને ડર હતો કે એકવકત કોરોનાની ઝપટમાં આવ્યા બાદ ભારત દુનિયા માટે સમસ્યા બની જશે. પરંતુ તમે દુનિયાની આ વિચારસરણીને બદલી નાંખી.

## અમેરિકાના WHO સાથેના તમામ સંબંધોનો અંત: ટ્રમ્પનું એલાન

વોશિંગ્ટન,તા.૩૦

કોરોના વાઈરસ અને હોંગકોંગને લઈને ગુસ્સે ભરાયેલા અમેરિકાએ ચીનની સામે નવો મોરચો માંડ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીને કબજો કર્યો હોવાનો આરોપ લગાવતાં આ યુએન આરોગ્ય સંસ્થાથી અમેરિકાના તમામ સંબંધો ખતમ કરવાની જાહેરાત કરી છે. તેમણે ચીનની સામે નવા પ્રતિબંધ પણ જાહેર કર્યા હતા. આમાં હોંગકોંગમાં વહીવટ માટે જવાબદાર ચીની અધિકારીઓના અમેરિકામાં આવાગમન પર પ્રતિબંધો લાગુ કરવાની સાથે કેટલીક છૂટછાટને ખતમ કરવાની જાહેરાત કરી છે.

ચીન પર તીખો હુમલો કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે કોરોના વાઈરસના સંદર્ભે ચીની અધિકારીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાને રિપોર્ટિંગની પોતાની જવાબદારીને નજરઅંદાજ કરી છે અને વિશ્વને ગેરમાર્ગે કરીને વિશ્વ આરોગ્ય સંસ્થા પર દબાણ આણ્યું હતું.ચીનમાં પહેલી વાર થયેલી કોરોના વાઈરસની ઓળખ પછી અત્યાર સુધી લાખ્ખો લોકોનાં મોત થયાં છે અને બહુ ભારે આર્થિક નુકસાન થઈ ચૂક્યું છે.

વાઈટ હાઉસમાં ઉચ્ચ અધિકારીઓની સાથે મિડિયા સમક્ષ ટ્રમ્પે કહ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીનનું સંપૂર્ણ નિયંત્રણ છે. જ્યારે ચીન વિશ્વ આરોગ્ય સંસ્થાને માત્ર ચાર કરોડ ડોલરનો ફાળો આપે છે, જ્યારે અમેરિકા ૪૫ કરોડ ડોલરનો ફાળો આપે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વહીવટમાં સુધારાનો હવાલો આપતાં તેમણે કહ્યું હતું કે આ બાબતે જરૂરી સુધારાને લાગુ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ અમારી વિનંતી પર કોઈએ ધ્યાન ના આપ્યું અને ના તો જરૂરી સુધારાઓ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી., જેથી અમેરિકાએ વિશ્વ આરોગ્ય સંસ્થાથી સબંધો ખતમ કરવાનો નિર્ણય લીધો છે.

## કુલગામમાં એન્કાઉન્ટર: સેનાએ બે આતંકીને ઠાર કર્યા

કુલગામ,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં પોલીસ અને સ્થાનીક સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. કુલગામના વામપોરામાં પોલીસને ગુપ્ત જાણકારી મળી હતી કે બે આતંકી છુપાયેલા છે, ત્યારબાદ તેને ઠાર કરી દેવામાં આવ્યા છે.

શરૂઆતી જાણકારી પ્રમાણે સુરક્ષાદળોને ઇનપુટ મળ્યા હતા કે બંન્ને આતંકી લશ્કર-એ-તૈયબાના હતા. હવે અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે, બંન્ને આતંકી હિઝ્બુલ મુઝાહિદ્દીનના હતા. તેની ઓળખ અત્યાર સુધી થઈ શકી નથી.

માહિતી મળ્યા બાદ સુરક્ષાદળોએ આતંકીઓ વિરુદ્ધ સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. સૂત્રો પ્રમાણે વામપોરા વિસ્તારમાં ઓછામાં ઓછા બે આતંકીઓ છુપાયા હચા, જે કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ દેવાની તૈયારીમાં હતા. પરંતુ તેની પહેલા સુરક્ષાદળોએ તેનો ખાતમો કરી દીધો છે.

આ પહેલા સુરક્ષાદળ અથડામણ સ્થળ પર આતંકીઓના પરિવારને પણ બોલાવીને લાવ્યા હતા. આતંકીઓના પરિવારે અપીલ કરી હતી કે તે સેનાની સામે ખુદને સરેન્ડર કરી દે. ઘરના લોકોએ કહ્યાં બાદ પણ આતંકીઓએ સરેન્ડર કરવાની ના પાડી દીધી હતી, ત્યારબાદ તેને ઠાર કરવામાં આવ્યા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૧૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૬૩૫૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૬૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૯૨૩૦**

# તંત્રી સ્થાનેથી...

## લોકડાઉનમાં મુકાવી શકનાર કોરોના ભ્રષ્ટાચાર, કાળાબજાર, રાજકીયક્ષેત્રે પરાસ્ત કેમ......?!

ભારતમાં ત્રણેક માસ પહેલા કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે દેશની પ્રજાને જણાવ્યું હતું કે કોરોના વાયરસથી ડરવાની જરૂર નથી તે લોકો દ્વારા ફેલાતો રોગ નથી. આ નિવેદન ટ્રમ્પની ભારત મુલાકાત પહેલા કર્યું હતું. દેશનું આરોગ્ય મંત્રાલય તજજ્ઞોની સલાહ લીધા વગર કે પૂછપરછ વગર કેવા મનઘડંત નિવેદનો કરે છે તેનો અનુભવ દેશની પ્રજાને આકરી કિંમત ચૂકવવા સાથે જઈ રહ્યો છે...... દેશભરમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧ લાખ ૬૮ હજાર થી આગળ વધી રહી છે. મૃતાંક ૪૭૮૯ પર પહોંચી ગયો છે. દેશમાં લોકડાઉન પછી લોકોમાં વિશ્વાસ પેદા થયો હતો કે કોરોનાની સાંકળ જરૂર તૂટી જશે અને સારા દિવસો આવશે..... પરંતુ બન્યુ તદ્દન ઊલટું દિન-બ-દિન કોરોના સંક્રમિતોની સંખ્યામાં વધારો થતો ગયો... તેમાં પણ ડોક્ટરો, નર્સો,મેડિકલ કર્મચૂરીઓ,પોલીસો, પત્રકારો પણ કોરોનાની ચપેટમા આવી ગયા. દરમિયાન લોકડાઉન લંબાવવામાં આવતું રહ્યું..... તો હોસ્પિટલો, દવાખાનાઓમા ડૉક્ટર્સ-નર્સો, મેડિકલ કર્મચારીઓની સુરક્ષા માટે નિયમ અનુસાર જે માસ્ક ૯૫,પીપીઈ કિટ,વેન્ટીલેટર વગેરેની જરૂર હતી તે જોઈતા પ્રમાણમાં ન હતા. બીજી તરફ અમેરિકી રસ્તો અખત્યાર કરીને ભારત સરકારે અમેરિકાની જેમ જ ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા કેટલીક શરતોને આધીન છૂટછાટ આપવાનુ શરૂ કર્યુ.... પરંતુ જે રીતે તબક્કાવાર જે તે વિસ્તારની પરિસ્થિતિનું સાચું આકલન કરી છૂટછાટ આપવી જોઈએ તે તરફ આંખ મિચામણા કરી દરેકને એક જ ઝાટકે છૂટછાટ આપી...જેના પરિણામ આપણી સામે જ છે.......! દેશભરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધતી ચાલી છે....જે ક્યાં પહોંચશે તે કોઈ કહી શકે તેમ નથી.....! અને હવે મોદી સરકારનુ એક વર્ષ પુરુ થવામાં છે ત્યારે તેની સિધ્ધિઓની પ્રજા સમક્ષ રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે. દેશમાં લોકડાઉનમા જે પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાંથી કેન્દ્ર સરકારે હાથ ખેચી લઈ તમામ રાજ્યોને નિર્ણય લેવાની સત્તા સોંપી દેશે. જેથી અપયશનો ટોપલો રાજ્યના માટે થોપી શકાય......! જોકે લોકો હવે જાગૃત થઈ ગયા છે... તે હકીકત છે.....!!

કોરોના ભારતમાં લોકડાઉન લાવી શક્યો, બધું જ બંધ કરાવી શક્યો અનેકોના જીવ લીધા, અનેકોને ઘેર બેઠા રોડ ઉપર લાવી દીધા, અનેકોને વતનની વાટ પકડારાવી દીધી.... પરંતુ કોરોનાને એક બાબતે પાછા પડવું પડ્યું તે ભ્રષ્ટાચાર- કાળાબજાર રોકી ન શક્યો કે બંધ પણ ન કરાવી શક્યો... જે હકીકત છે. તો રાજકીય ક્ષેત્ર પણ કોઈનું બગાડી ન શક્યો....! આજે પણ માનવતાને મહત્વ આપી મદદ કરતા પક્ષોને સત્તાધારીઓ સહન નથી કરતા.....! તો સત્તા પ્રાપ્તિ માટે ખેલ કરવામાં કોઈ કસર નથી રાખતા..... એ તો ઠીક લોકડાઉન નિયમો માત્ર આમ સામાન્ય પ્રજાએ જ પાળવાના ફરજીયાત છે. જ્યારે નેતાઓ માટે નહીં.... તેઓ ગમે ત્યાં ગમે ત્યારે લોકડાઉન નિયમનો ભંગ કરી શકે છે- ધજીયા ઉડાડી શકે છે કારણ કે તેમનો દંડ કરનાર કોઈ નથી કે દંડ કરવામાં આવતો જ નથી....! તો કોરોનાને નામે મજૂરોને, ગરીબોને, કામદારોને નુકસાન થાય તેવા નિયમો કે બંધનો થોપી દેવામાં આવે છે.....! તો લાખો લોકો ભુખથી તડપી રહ્યા છે.....! આમાં કેટલાક મૃત્યુ પણ પામ્યા... તો મોટા ભાગના સત્તાધારીઓ ચૂંટણી સમય પછી કોરેન્ટાઈન થઈ ગયા છે અને હજુ પણ બહાર આવ્યા નથી.....!રાજકીય ક્ષેત્રે માનવતા ભૂલી જવાઈ.... આવી દરેક રાજકીય ઘટમાળ સામે કોરોના પરાસ્ત થઈ ગયો છે તે હકીકત સ્વીકારવી રહી.....!

દેશના મોટાભાગના લોકો આજના સમયે ન્યાયની દેવડી એટલે કે સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચના આદેશો-નિર્દેશો આપવા સાથે ત્રીજું નેત્ર બતાવતા દેશભરની સરકારોની ઉંઘ હરામ કરી નાંખી છે... અને દોડતી કરી દીધી છે....! એસી ઓફીસમા બેઠા બેઠા મનઘડંત નિવેદનો કે વાતો કરતા તંત્ર અને તેના વાહકોને તેમના કાર્યક્ષેત્રમાં કામે લગાડી દેતા દેશના લાખો કોરોનાસંક્રમિતો અને તેમના સગા સંબંધીઓ સહિત દેશની પ્રજામાં આનંદ ફરી વળ્યો છે..... તે સાથે એક નવો આત્મવિશ્વાસ વધી ગયો છે.... લોકો સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચ ઉપર આફરીન થઈ ગયા છે. કારણ જે તે સરકારો કોરોના બાબતે જે કહેતી હતી કે નિવેદનો કરતી હતી તે બંધ થઈ ગયા છે......!! તો દર્દીઓને લૂટતી ખાનગી હોસ્પિટલોને તેની મર્યાદા સમજાવવા સાથે માનવતા શું છે.....? કે કોને કહેવાય.....? તે સમજાવી દીધું છે. તો રાજ્ય સરકારોને પણ એકશનમાં આવવા સ્પષ્ટ સમજાવી દીધી અને આવા કારણોસર સામાન્ય પ્રજા ખુશ છે.... પરંતુ લોકોને અન્ય પ્રશ્નો નડે છે જેમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનો કૃત્રિમ ભાવ વધારો કરી પ્રજાને લુટવાનો, ખેડૂતોથી નહિવત કિમતથી કૃષિ ઉત્પાદનો શાક- બકાલા, રવિ પાક વગેરે ખરીદી કરી ચાર કે છ ગણિત કિંમતો લઈ આમ પ્રજાને લુટવી.... અને આ કાળા બજાર-ખોટા ભાવ લેનારાઓને રોકનાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાં છે.....!! ત્યારે તેને જગાડવા કે દોડાવવા માટે અદાલતોએ લાલ આખ કરવી પડશે કે શું.....?

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૩૧/૦૫/૨૦૨૦, રવિવાર, જેઠ સુદ-૯
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૫, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૧૮થી ૧૩-૧૧ સુધી, શુભ ૭-૪૪ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૫ સુધી, ૧૪-૨૫થી શુભ-૧૬-૦૫ સુધી, ૧૯-૨૬ થી શુભ-મૃત-ચલ-૨૩-૨૫ સુધી

- શુભ હોરા-
૭-૧૧થી ૧૦-૩૧ સુધી, ૧૧-૩૮થી ૧૨-૪૫ સુધી, ૧૪-૫૮થી ૧૮-૧૯ સુધી, ૧૯-૨૬થી ૨૦-૧૯ સુધી

# કીમતી ધાતુઓમાં તેજીનો માહોલઃ ક્રૂડ તેલમાં નરમાઈઃ બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ

## એલચી અને કોટનના વાયદાઓમાં સાર્વત્રિક ઘટાડોઃ કપાસ, સીપીઓમાં વૃદ્ધિઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૧૫૩૭.૫૭ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૬૧૦૯ સોદામાં રૂ. ૧૧૫૩૭.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૧૨૫૨.૪૦ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૮૫.૧૮ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૭૩૨ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જીમાં ક્રૂડ તેલમાં નરમાઈ સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી અને કોટનના વાયદાઓમાં સાર્વત્રિક ઘટાડો હતો, જ્યારે કપાસ અને સીપીઓ વધ્યા હતા. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૭૬૦૬ સોદાઓમાં રૂ. ૭૧૧૧.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૫૨૩ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૬૯૨ અને નીચામાં રૂ. ૪૬૩૯૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૦ વધીને રૂ. ૪૬૬૬૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૩૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૩૪૪ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૪૧ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૫ વધીને બંધમાં રૂ. ૪૬૬૯૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૭૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૪૮૫ અને નીચામાં રૂ. ૪૮૪૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૩૨ વધીને રૂ. ૪૯૨૯૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૬૪૪ વધીને રૂ. ૪૯૫૬૯ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૫૯૩ વધીને રૂ. ૪૯૬૧૬ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૦૯૭૧ સોદાઓમાં રૂ. ૨૫૫૯.૧૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૫૨૩ ખૂલી, ઊપરમાં રૂ. ૨૫૩૦ અને નીચામાં રૂ. ૨૪૫૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૮ ઘટીને રૂ. ૨૪૮૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૧૯૭૭ સોદાઓમાં કુલ રૂ. ૧૫૮.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૫૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૬૫૦ અને નીચામાં રૂ. ૧૫૫૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ ઘટીને રૂ. ૧૫૬૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૫૯.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૨૦ પૈસા વધીને બંધમાં રૂ. ૬૫૮.૨ ના ભાવ હતા, જ્યારે એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૫૭૦ ખૂલી, અંતે રૂ. ૩૦ ઘટીને રૂ. ૧૫૭૦ થયો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૯.૫ અને નીચામાં રૂ. ૯૭૪.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૫૦ વધીને રૂ. ૯૮૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૨૦૪ સોદાઓમાં કુલ રૂ. ૩૫૭૫.૨૮ કરોડ ની કીમતનાં ૭૬૬૯.૧૬૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૪૪૦૨ સોદાઓમાં કુલ રૂ. ૩૫૩૬.૫૨ કરોડ ની કીમતનાં ૭૨૧.૧૨૭ ટન, ક્રૂડ તેલમાં ૪૨૬૬૬ સોદાઓમાં રૂ. ૧૪૮૩.૨૭ કરોડનાં ૫૯૫૪૪૦૦ બેરલ્સ, કોટનમાં ૨૬૧ સોદાઓમાં રૂ. ૧૬.૩૮ કરોડનાં ૧૦૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૬૧૨ સોદાઓમાં રૂ. ૧૩૯.૧૪ કરોડનાં ૨૧૮૨૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૩.૦૭ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૬ સોદાઓમાં રૂ. ૬૯.૨૮ લાખનાં ૬.૪૮ ટન, કપાસમાં ૯૬ સોદાઓમાં રૂ. ૧.૯૧ કરોડનાં ૩૮૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૩૮૦૫.૪૦૫ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૨૬.૬૦૨ ટન, ક્રૂડ તેલમાં ૫૨૦૯ બેરલ્સ, કોટનમાં ૧૦૭૨૫૦ ગાંસડી, સીપીઓમાં ૩૫૪૬૦ ટન, એલચીમાં ૧.૬ ટન, મેન્થા તેલમાં ૪૨.૧૨ ટન અને કપાસમાં ૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૮૫.૧૮ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૮.૦૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૩.૭૧ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૬.૨૯ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૯૫ અને નીચામાં રૂ. ૧૦૩૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૬૪.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૩૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૩૨ અને નીચામાં રૂ. ૮૧૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૪૨ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૩૨૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૫૦ અને નીચામાં રૂ. ૧૨૧૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૮૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૨૧ ખૂલી, ઊપરમાં રૂ. ૭૧૦ અને નીચામાં રૂ. ૫૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૧૬ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૦ અને નીચામાં રૂ. ૧૭૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૮.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૮૩.૭ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૮.૩ અને નીચામાં રૂ. ૧૭૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૧.૫ બંધ રહ્યો હતો.

## ખેતીવાડી ફાર્મ, પનાસ ખાતે તા.૦૧ જૂનથી ખેડૂતો દ્વારા કેરીનું સીધું વેચાણ કરાશે

સુરત,શનિવાર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત તથા ખેતીવાડી ખાતુ, બાગાયત ખાતુ, નાયબ ખેતી નિયામક કચેરી તેમજ આત્મા વિભાગ, સુરત દ્વારા સુરત શહેરની જનતાને ગુણવત્તાયુક્ત તાજી કેરી મળી રહે અને ગ્રાહકોને સીધું જ ખેડૂતો દ્વારા વેચાણ થઈ શકે તેવી અલાયદી વ્યવસ્થા પનાસ બી.આર.ટી.એસ. જંકશન સામે, ખેતીવાડી ફાર્મ ખાતે કરવામાં આવી છે. જેમાં તા.૦૧ જૂન, ૨૦૨૦ના રોજથી સવારે ૮:૦૦ થી બપોરે ૩:૦૦ વાગ્યા દરમિયાન કોઈ પણ વચેટિયા વિના કેરી વિક્રેતા ખેડૂતો દ્વારા ગ્રાહકોને કેરીનું સીધું વેચાણ કરવામાં આવશે.

જેથી શહેરીજનોને આ વ્યવસ્થાનો લાભ લેવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા અને વરિષ્ઠ વૈજ્ઞાનિક દ્વારા જણાવાયું છે. કેરી ખરીદવા આવતાં ગ્રાહકો તેમજ વેચાણકર્તા ખેડૂતોએ પ્રવર્તમાન કોરોના મહામારીમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક પહેરવું વગેરે નિયમોનું પાલન કરવાનું રહેશે.

## ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જૂનના બીજા સપ્તાહમાં આવે તેવી શક્યતા

ગાંધીનગર,તા.૩૦


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ હજી આવવાનું બાકી છે, ત્યારે હવે જૂન મહિનામાં આ પરિણામ આવે તેવી શક્યતા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, જૂન મહિનાના બીજા સપ્તાહમાં ધોરણ ૧૦નુ પરિણામ જાહેર થશે. ધોરણ ૧૦ના પરિણામની આખરી તબક્કાની કામગીરી ચાલી રહી છે. તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની તૈયારી પણ આખરી તબક્કામાં છે. તેથી જૂન મહિનાના બીજા સપ્તાહમાં ૧૦ તારીખની આસપાસ પરિણામ જાહેર થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ આવ્યું હતું. તેની માર્કશિટ આપવાની કામગીરી પણ કરાઈ છે. જેના બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ ૧૦ના પરિણામની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોઈને બેસ્યા છે.

## રાજ્યમાં ૪-૫ જૂને ત્રાટકશે 'હિકા' વાવાઝોડું

અમદાવાદ,તા.૩૦

ગુજરાત પર હાલ વાવાઝોડાના સંકટ વચ્ચે 'હિકા' વાવાઝોડાનો ખતરો તોળાઈ રહ્યો છે. આ વાવાઝોડું ચોથી અને પાંચમી જૂનના રોજ રાજ્યના દ્વારકા, ઓખા અને મોરબી થઈ કચ્છ તરફ ફંટાય તેવી દહેશત છે. 'હિકા' વાવાઝોડું કચ્છના કંડલા અને આજુબાજુના વિસ્તારોને ઘમરોળીને રાજસ્થાન તરફ આગળ વધશે અને ત્યાં જ વિખેરાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે આજે વહેલી સવારથી સૌરાષ્ટ્રમાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. અગાઉ હિકા વાવાઝોડું ઓમાન તરફ ફંટાઈ જવાનું હતું. પરંતુ અરબી સમુદ્રમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન સર્જાયેલા ડીપ ડિપ્રેશનના કારણે હવે આ વાવાઝોડું ગુજરાત તરફ તેજ ગતિથી આગળ વધી રહ્યું છે. હવામાન સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે, આ વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકશે તો કલાકના ૧૨૦ કિમી સુધીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.



હવામાન વિભાગે ૩૧ મે સુધી રાજયમાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરી છે. આગામી ૪ અને ૫ જૂનના રોજ દ્વારકા, ઓખા અને મોરબી થઈ કચ્છ તરફ વાવાઝોડા તરીકે ફંટાય તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે. આ ડિપ્રેશન વાવાઝોડાનું સ્વરૂપ લેશે તો દ્વારકા થઈને તે કચ્છના કંડલા અને આજુબાજુના વિસ્તારોને ધમરોળતું રાજસ્થાન તરફ આગળ વધે અને ત્યાં વિખેરાઈ જાય તેવી શક્યતાઓ છે. અરબી સમુદ્રામાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી અને જાફરાબાદમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને સાવચેતીના ભાગરૂપે દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં વાવાઝોડાના સંકટને લઈને મોરબીના નવલખી બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ભાવનગરમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ છે, ત્યારે દરિયામાં કરંટ જોવા મળતાં ઘોઘા બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. સાથે જ અલંગ પોર્ટ ઓફિસર અરવિંદ મિશ્રાએ એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. હાલ પોરબંદરના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. આ અસરને જોતા પોરબંદર દરિયામાં બંદરે એક નંબરનું સિગ્નલ લગાડાયું છે. અરબી સમુદ્રમાં લો પ્રેશરને કારણે સાવચેતીના ભાગરૂપે એક નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને દરિયો નહીં ખેડવાની સલાહ આપી છે. અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જાફરાબાદ બંદર પર સાવચેતીના ભાગરૂપે ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. લોકડાઉનના કારણે જાફરાબાદ બંદર પર મોટાભાગની બોટો પરત આવી ગઈ છે અને માછીમારોને પણ માછીમારી ન કરવા સૂચના આપવામાં આવી છે.

### ગાંધીનગર જિલ્લામાં આજે છ કોરોના પોઝિટીવ કેસો આવ્યા

## કલોલ શહેરમાં અને માણસા તાલુકામાં ત્રણ- ત્રણ કોરોનાના કેસ પોઝિટીવ આવ્યા

ગાંધીનગરઃ શનિવાર

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના પોઝિટીવના છ કેસો મળ્યા છે. માણસા અને કલોલ શહેરમાં ત્રણ – ત્રણ પોઝિટીવ કેસ મળ્યા છે. તેમજ એક કોરોના દર્દીએ કોરોનાને પરાસ્ત કરતાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં તા. ૨૯મી મે, ૨૦૨૦ના ૫.૦૦ કલાક બાદ કોરોનાના કુલ- ૬ પોઝિટીવ કેસ આવ્યા છે. જેમાં માણસા તાલુકામાં ઈટાદરા ગામના ૪૨ વર્ષીય યુવાન, બદપુરા ગામના ૩૫ વર્ષીય યુવાન અને ૨૫ વર્ષીય યુવતીને કોરોના પોઝિટીવ આવ્યો છે. કલોલ શહેરમાં ૫૧ વર્ષીય અને ૭૨ વર્ષીય પુરૂષ તથા ૫૪ વર્ષીય સ્ત્રીને કોરોના પોઝિટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકાના પુરૂષ દર્દીએ કોરોનાને પરાસ્ત કરતાં તેમને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૯ કોરોનાના દર્દીઓ છે. જેમાં ૩૩ દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે. તેમજ ૯૪ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૧૨ વ્યકતિઓના મૃત્યૃ થયા છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કુલ૨૭૮૦ લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૬૪૧ વ્યક્તિઓનો રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં કોરોના રીલેટેડ ૨૮૪ કોલ આવ્યા છે.

## રીક્ષાચાલકોને ઉગારવા પ્રતિમાસ ૭ હજાર અને લાઈટબિલ-ફી માફ કરવા બાપુની માંગણી

*ગાંધીનગર,તા.૩૦*

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એનસીપી પાર્ટીના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક પત્ર પાઠવીને કોરોના લોકડાઉનથી સામાન્ય અને ગરીબ ઓટોરીક્ષાચાલકોની કફોડી હાલતનો ચિતાર આપીને તેમને તેમનું જીવન ટકાવી રાખવા પ્રતિ માસ ૭ હજાર રોકડાની સહાય અને લોકડુનના સમયગાળાના લાઈટના બિલ અને શાળાની ફી વગેરે. માફ કરવાની આગ્રભરી વિનંતી કરી છે.

તેમણે પત્રમાં જણાવ્યું કે, ગુજરાત રીક્ષા એસોસીએશનના હોદ્દેદારો તારીખ-૨૬ ,મે,૨૦૨૦ ના રોજ રૂબરૂ મળી રજૂઆત કરેલી જે માટે આપની સરકારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઈએ. રાજયમા કોરોનાવાઈરસની મહામારી અને લોકડાઉનના કારણે સ્વાભાવિક છે કે જ્યાં મુસાફરો જ ના હોય ત્યાં રીક્ષાના ઉપયોગનો કોઈ સવાલ આવતો જ નથી માટે છેલ્લા બે માસ થી પણ વધુસમયથી રીક્ષાઓનું પરિવહન સદંતર બંધ છે. જે રીક્ષાઓના પરિવહનના આધારે થતી આજીવિકાથી જ તેમના પરિવારોનું ભારણ પોષણ ચાલતું હતું તે આજે આર્થિક સંકટના કારણે નિસહાય અને નિરાધાર બની ગયાં છે. હજુ પણ આગામી સમયમાં જાહેર પરિવહન ક્યારે કાર્યરત થસે તે કહી શકાય તેમ નથી. તે કાર્યરત થસે તો પણ લોકો ભયનાકારણે ઘરની બહાર નિકળવાનું ટાળશે જેના લીધે પણ ઓટોરિક્ષા ચાલકોને ધંધો-રોજગાર આગામી ૨-૪ માસ સુધી મળવો મુશ્કેલ છે. આવી કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઓટોરિક્ષા ચાલકોના પરિવારોને પોતાના ભારણ પોષણ સહિત અનેક સમસ્યાઓની રજૂઆત કરેલી. એ સ્વાભાવિક છે કે ઓટો રીક્ષા ચાલક જેવા સામાન્ય પરીવારનો હોય અને જે મોટા ભાગે ભાડાના મકાનમાં રહેતો હોય તે ભાડાના મકાનનું ભાડુ કેવી રીતે ભરવું, લાઈટબીલ કેવી રીતે ભરવું અને સંતાનોની સ્કુલની ફી કેમ ભરવી, રીક્ષા ચાલક કોઈ બીજાની માલીકીની રીક્ષા ભાડેથી લાવતો હોય તો એ ભાડું કે ઓટોરિક્ષાના લોનનો હપ્તો કેવી રીતે ભરવો ઉપરાંત પરિવારમાં કોઈક આકસ્મિક ખર્ચ કે માંદગી આવે તો આ ઓટો રીક્ષા ચાલકો પાસે કોઈ આવક કે તેનો આધાર ન હોવાથી આવી અનેક સમસ્યાઓને માનવતાના આધારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને ઉકેલવા માટે આપશ્રીને વ્યક્તિગત રીતે ભલામણ કરવા આ પત્ર પાઠવું છું.ઘેલાએ એમ પણ કહ્યું કે, ગુજરાત સરકારે સામે ચાલીને સમગ્ર ગુજરાતમાં રીક્ષા ચાલકનું લાઈસન્સ ધરાવનાર રીક્ષા ચાલકોને આર્થિક સંકટની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી લોકડાઉનના સમય દરમ્યાન પ્રતિ માસ રૂ.૭૦૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે તે માટેની ઉપરાંત આ પરિવારોના વીજળી બીલ કે પાણીના બીલો બે-ત્રણ માસ માટે માફ કરવા પણ જાહેરાત કરી ને તેનો સત્વરે અમલ કરવા મારો આગ્રહ છે.

# ડભોઈ માં લોક ડાઉન ના અંધારા માં તકલાદી રોડ બનાવાતા નગરજનો માં નારાજગી !



ડભોઈ,

ડભોઈ શહેર માં કોરોના ને લઈ લોક ડાઉન ને લઈ નગર ના મુખ્ય માર્ગો સુમસામ ભાષી રહ્યા છે અને નગરજનો પણ ઘર માં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે એય ઓછું હોય એમ વરસાદી પગલાં પાડવા થનગની થઈ રહ્યો છે ત્યારે નગર ના ડામર રોડ બનાવવા કેટલા ઉચિત ?

ડભોઈ નગર પાલિકા ની બાંધકામ શાખા કાયમ જ વિવાદ ના વમળ માં સપડાયેલી રહે છે તાજેતરમાં નગર ના મુખ્ય માર્ગો જેમકે હિરાભાગોળ થી ટાવર અને સ્ટેશન રોડ પર ડામર ના રસ્તા બનાવવા નું ચાલી રહ્યું છે જેમાં ચોંકાવનારી વિગતો માં આર .સી .સી . રોડ પર જ ડામર કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે આ રોડ કેટલો સમય ચાલશે એ વિચારવું રહ્યું ડભોઈ નગર પાલિકા માં રોજ સવાર થાય છે અને નવા કૌભાંડ બહાર આવે છે ડભોઈ નગર ના રોડ રસ્તા ને લઈ ને થયેલ આર .ટી .આઈ નો ગુજરાત માહિતી આયોગ નંબર ૨૭૫૪/૨૦૧૮ના આદેશ બાદ પણ અરજદાર ને માહિતી પુરી પાડવામાં આવેલ નથી જેને પુનઃ ગુજરાત માહિતી આયોગ માં પડકારાતા જિલ્લા કલેકટર શ્રી ને આયોગ દ્વારા આદેશ કરવામાં આવેલ જે અનુસાંગીક કરાયેલા હુકમ ને પગલે જિલ્લા કલેકટર શ્રી ના હુકમ બાદ પણ નગરપાલિકા ના ચિફ ઓફિસર દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ નથી હાલ પણ ચોમાસું માથે છે ત્યારે બની રહેલ રોડ શંકા ઉપજાવી રહ્યું છે નગરપાલિકા ની બાંધકામ શાખા ના કર્મચારીઓ ની ભૂમિકા પણ શંકા ના દાયરા માં આવી જાય છે આર . સી .સી. ના રોડ ને ખોદકામ વિના જ ડામર પાથરવો કેટલો હિતાવહ? નગરપાલિકા ના સતાપક્ષ સાથે સાથે વિરોધ પક્ષનુ મૌન શંકા ના દાયરા માં આવી જાય છે . નગરજનો આ બની રહેલા રોડ ને લઈ રોષે ભરાયા છે જેના સંભવિત પડઘા આવનારી નગરપાલિકા ની ચુંટણી માં પડશે એ નક્કી છે કેમ કે હાલ નગર નું રાજકારણ ગરમાયુ છે અને કોંગ્રેસ માથી કામ નથી થતા કહી ભાજપ માં જોડાયેલ સભ્યો ની સ્થિતિ પણ માં મને કોઠી માંથી કાઢ જેવી થઈ જવા પામ્યો છે

# ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ૫,૧૪૩ વ્યક્તિઓ કોરોન્ટાઇન

## ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ લોકો હોમ કોરોન્ટાઇનમાં ગાંધીનગર તાલુકામાં અને સૌથી વધુ લોકો ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇનમાં કલોલ તાલુકામાં

ગાંધીનગરઃ શનિવારઃ ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ- ૫,૧૪૩ વ્યક્તિઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. જેમાં ૫,૦૦૧ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઇન, ૫૮ વ્યકિતઓને સરકારી ફેસેલીટીમાં કોરોન્ટાઇન અને ૮૪વ્યક્તિઓને ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૦મી મે, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર તાલુકામાં કુલ- ૧૭૭૭ વ્યક્તિઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. જેમાં ૧૭૩૯ વ્યકિતઓએ હોમ કોરોન્ટાઇનઅને ૩૮ વ્યક્તિઓને સરકારી ફેસીલીટીમાં કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. દહેગામ તાલુકામાં ૭૯૨વ્યક્તિઓને હોમ કોરોન્ટાઇન અને ૦૮ વ્યક્તિઓને સરકારી ફેસીલીટી કોરોન્ટાઇન મળી કુલ- ૮૦૦ વ્યક્તિઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. માણસા તાલુકામાં ૫૫૧ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઇન અને ૧૨ વ્યકિતઓને સરકારી ફેસીલીટી કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. કલોલ તાલુકામાં ૧૯૧૯ વ્યકિતઓને હોમ કોરોન્ટાઇન અને ૮૪ વ્યક્તીઓ ખાનગી ફેસેલીટી કોરોન્ટાઇન મળી ૨,૦૦૩ વ્યકિતઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૧૭૩૯ વ્યકિતઓ હોમ કોરોન્ટાઇન છે. તો કલોલ તાલુકામાં ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇનની સંખ્યા ૮૪ વ્યકિતઓની છે. જે તમામ તાલુકામાં સૌથી વધુ છે.

# અમરેલી જિલ્લામાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો : કુલ ૯ પોઝિટિવ અને ૨ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા

## કુંકાવાવના ભૂખલી-સાંથળી ગામે દર્દીના રહેણાંકના આસપાસનો વિસ્તાર કન્ટેનમેન્ટ ઝોન જાહેર




અમરેલી, તાઃ ૩૦ મે

આજદિન સુધી અમરેલી જિલ્લામાં કોરોનાના કુલ ૮ કેસ નોંધાયા હતા. ત્યારે આજે તા. ૩૦ મે ના અમરેલી જિલ્લામાં કોરોના વાયરસનો વધુ ૧ પોઝિટિવ કેસ મળી કુલ ૯ કેસ નોંધાયા છે. સાથે જ જિલ્લામાં ૨ દર્દીઓ કોરોના સામે જંગ જીતી હાલ ઘરે ગયા છે.

૨૩ મે ના બોરીવલી-સાવરકુંડલા ટ્રેનમાં આવેલા ૩૯ વર્ષીય પુરુષને ટ્રેનમાં આવ્યા બાદ સીધા કુંકાવાવ કોરેન્ટાઈન સેન્ટર ખાતે થોડા સમય માટે રાખવામાં આવ્યા હતા. તેઓ મૂળ કુંકાવાવના ભૂખલી-સાંથળીના વતની છે. આ વ્યક્તિને તાવ, ઉધરસ જેવા લક્ષણો જણાતાં સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે આજરોજ તેમનો કોરોના પોઝિટિવ કેસ પોઝિટિવ આવતા તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે.

હાલ, આ દર્દીના સંપર્કમાં આવેલા તમામ લોકોના ટ્રેસીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

રિપોર્ટર..... ભરતભાઈ ખુમાણ અમરેલી




# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલઃ જીજ્ઞા કપુરિયાં

**ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક વિભાગ (પદ્ય)**

**વિભાગ :- પદ્ય**

**શીર્ષક : ઘરની યાદ**

**લેખક :- ડો.નિષાદ ઓઝા "અમન"**

મકાન લઘરવઘર હોઈ શકે, મકાનમાં રહેનાર લઘરવઘર હોઈ શકે પણ ઘર ક્યારેય લઘરવઘર નથી હોતું.અને એમાંય વતનનું ઘર કોઈપણ હેરિટેજથી વધુ સંવેદના જન્માવતું હોય છે.ગણેશજીને તીર્થ માતા-પિતામાં જ દેખાયાં. બસ એમ વતનનું ઘર મને હંમેશા વર્લ્ડ હેરિટેજ લાગ્યું છે.આટલી પ્રસ્તાવના સાથે એ ઘર વિશે..

ઘરની યાદ....

વર્ષો જૂનું ઘર પળેપળ કેટલું યાદ આવે !<br>
પડ્યું છે સાવ ખાલી તોય એમાં સાદ આવે.<br>
અહીં દાદા બેસતા 'ને પ્રેમથી બોલતા ટૂચકો,<br>
જરા શો ડોલતો કહે છે મને ઘરનો હિંચકો,<br>
અગાશી આજની કરડે મને તો ક્ષણેક્ષણ,ને -<br>
હતું જે નેવે મઢેલું ઘર મને કેટલું યાદ આવે.!<br>
ભલે હો ભાતભાતનાં સઘળાં અહીં ભોજન,<br>
સમયની સાથે ટૂંકાં બન્યાં છે બધાનાં મન,<br>
ભલે આવ્યા,હવે ક્યારે નીકળશો એમ પૂછે,<br>
ભર્યું તું મીઠા આવકારે ઘર મને કેટલું યાદ આવે!<br>
બધી બારી, બધી ભીંતો, મઢ્યા ટોડલા ઘરના,<br>
હતા બાના ગળામાં હાલરડાનાં મીઠાં ઝરણાં,<br>
પસાર્યા પ્રેમે અમારા વદન પર હાથ જેણે-<br>
હવે એ બા વિનાનું ઘર મને કેટલું યાદ આવે.

- ડો.નિષાદ ઓઝા 'અમન'

---

**વિભાગ : પદ્ય (અછાંદસ)**

**શીર્ષક : "લાગણીઓનું હેરિટેજ"**

લાગણીઓનાં ખંડેરમાં,<br>
ઈચ્છાઓ ભસ્મીભૂત થઈને<br>
કણ-કણ હોમાઈ ગઈ<br>
હતી જે બુલંદીની કહાણી<br>
આજ એ હેરિટેજ બની ગઈ.....<br>
હતી જાહોજલાલી એક જમાનામાં<br>
એ લાગણીઓ પણ સંગેમરમર- સી<br>
સહેલાવતાં જેમ બાદશાહ બેગમને<br>
આજ એ હેરિટેજ બની ગઈ.....<br>
ઈચ્છાગઢનાં કાંગરા ખરી રહ્યા છે<br>
ને નકશીદાર કોતરણી પણ<br>
ભગ્નાવશેષમાં દટાઈ લૂપ્ત થઈ<br>
આજ એ હેરિટેજ બની ગઈ.....<br>
એક-એક સંવેદનાઓને<br>
કોતરી'તી બેનમૂન મૂરતમાં<br>
શિલાલેખમાં કંડારેલી છે<br>
સઘળી વેદના-સંવેદનાઓ<br>
આજ એ હેરિટેજ બની ગઈ.....<br>
રાહ જુએ છે મહેલનાં ઝરુખાંઓ<br>
પ્રિયતમના મધુર સ્પર્શની હજીયે,<br>
જેનાથી જર્જરિત ખંડેરનો પ્રેમ<br>
થઈ જાય ફરી સજીવન<br>
જે બની ગયું છે આજ હેરિટેજ !!!

ડો. રેખા શાહ

---

**વિભાગ : પદ્ય**

**શીર્ષક : હેરિટેજ(મુંબઈ)**

સુંદર દરિયા કિનારો,<br>
હાજી અલીનો મિનારો,<br>
મહાલક્ષ્મીની ધજાઓ,<br>
રળિયામણો આ નજારો.<br>
સદાય રક્ષા કરતી;<br>
મુંબાદેવી મારી.<br>
જોવા જેવી છે અહીં<br>
લાલબાગચા રાજાની સવારી.<br>
ઝગારા મારતું ઝવેરીબજાર;<br>
ભૂલેશ્વરની બજાર ધમધોકાર,<br>
ને દલાલ સ્ટ્રીટ પર<br>
હિલોળા લેતુ શેરબજાર!<br>
ફિલ્મોની બહુ અહીં હસ્તિ,<br>
ગીચોગીચ અહીં બહુ વસ્તી,<br>
વાત સ્વીકારવી નથી આ અઘરી;<br>
છે આ મુંબઈ નગરી!<br>
સી એસ ટી(CST)ની ભવ્યતા અપાર,<br>
માનવ મહેરામણનો નહીં પાર,<br>
ટ્રેનોની ભરમાર<br>
એના વગરનુ તો મુંબઈ ભાસે સુનકાર!<br>
લાખો લોકો આવે<br>
કમાણી કરવા અહીં<br>
રોટલો રળી લેવાશે<br>
પણ ઓટલાની વાત થાય નહીં!<br>
ઘડિયાળના કાંટે દોડતી<br>
જીવનના પાઠ ભણાવતી<br>
છે આ માયા નગરી<br>
માયા લગાડે જબરી.

વૈશાલી જીગ્નેશ મહેતા

---

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક ગ્રુપ ના દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

સાહિત્યિક વિભાગ ના ગત સપ્તાહ ના સુભાષિત,કહેવત,રચનાઓ,ગદ્ય,પદ્ય લેખો ના સૌ વિજેતાઓ ને નિર્ણાયક શ્રીઓ જાહેર કર્યા છે. જાણે સાત અજાયબી કહેવાય તેવી હેરિટેજ.સંસ્કૃતિ અને ગુજરાત ની ઓળખ જેવા સિદ્ધપુર નો રુદ્રમાળ,પાટણ નું સહસ્ત્રલિંગ તળાવ,રાણી ની વાવ.મોઢેરા સૂર્યમંદિર,અડી કડી ની વાવ,સુરત,મુંબઈ ના હેરિટેજ સ્થાન તેમજ ઘરની યાદ,લાગણીઓ નું હેરિટેજ જેવા વિષય ઉપર ગ્રુપ ના મેમ્બર સ્પર્ધકો એ ભાગ લઈ ખૂબ સુંદર લેખ લખ્યા છે..સૌ ને ન્યૂઝ ઓફ ગાંધીનગર પરિવાર વતી અભિનંદન

સર્વ શ્રેઠ રચના ના વિજેતાઓ ના નામ નીચે મુજબ છે..

-સાહિત્ય વિભાગ આયોજક : પ્રદીપ રાવલ.તંત્રી<br>
સાહિત્ય સંચાલન,અહેવાલ : જીજ્ઞા કપુરિયાં,<br>
સહ સંચાલક : પ્રણવ ઝાખર,મનીષ વોરા<br>
સ્પર્ધા નિર્ણાયક લેખક. : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોરભાઈ ઠક્કર

---

**સર્વ શ્રેષ્ઠ રચના.ગદ્ય વિભાગ**

શીર્ષક--સિધ્ધપુરનો રુદ્રમહાલય<br>
રાગિણી શુક્લા<br>
રાગ

---

**પદ્ય વિભાગ શ્રેષ્ઠ**

શીર્ષક--ઘરની યાદ<br>
ડો નિષાદ ઓઝા<br>
"અમન"

---

**ગદ્ય વિભાગ**

૧)શીર્ષક-સહસ્ત્ર લિંગ પાટણનું એક કૃત્રિમ તળાવ<br>
ઉર્વશી મહેત<br>
૨)મોઢેરાનું સૂર્યમંદિર<br>
જયશ્રી દેસાઈ<br>
૩)હમ્પી<br>
હિરછાયા<br>
૪)શીર્ષક- રાણીની વાવ<br>
રૂપલ પટેલ<br>
૫)શીર્ષક-સુરતનો અમૂલ્ય હેરિટેજ વારસો<br>
ટેલર કૃણાલ શાંતિલાલ<br>
૬)શીર્ષક-અડી કડી વાવ<br>
મેઘલ ઉપાધ્યાય

---

**પદ્ય વિભાગ**

૧)શીર્ષક-લાગણીઓનું હેરિટેજ<br>
ડો રેખા શાહ<br>
૨)શીર્ષક- હેરિટેજ (મુંબઈ)<br>
વૈશાલી જીગ્નેશ મહેતા<br>
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન<br>
એડમિન પેનલ

---

**સુભાષિત વિભાગ સર્વ શ્રેષ્ઠ**

-મૈત્રી ઉપાધ્યાય<br>
૧ )મીરા પટેલ<br>
૨ )મેહુલ ત્રિવેદી<br>
૩ )કલ્પના ત્રિવેદી<br>
૪)મનોજકુમાર પંચાલ<br>
૫। વૈશાલી જે મહેતા<br>
૬। ડો.રેખા શાહ<br>
૭। પૂજા કાનાણી<br>
૮ દીપ્તિ પટેલ<br>
૯ ભરત રબારી

---

**કહેવત વિભાગ શ્રેષ્ઠ**

રૂપલ શાહ<br>
૧) શીલા પટેલ<br>
૨) જયશ્રી દેસાઈ<br>
૩) તેજલ વધાસિયા<br>
૪)જયકાન્ત એસ ઘેલાણી 'પ્યારે'<br>
૫) ટેલર કૃણાલ<br>
૬) પ્રફૂલ્લા પ્રસન્ના<br>
૭) ઘનશ્યામ વ્યાસ<br>
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન<br>
એડમિન પેનલ

# અરવલ્લીના મોડાસા શહેરની કાર્તિકેય સોસાયટી તથા તેની આજુબાજુ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવેશ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના દિન પ્રતિ દિન કેસોમાં વધારો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ પ્રતિબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા શહેરના કાર્તિકેય સોસાયટી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવતા મોડાસા શહેરના કાર્તિકેય સોસાયટી તથા તેની આજુબાજુ આવેલ હરસિધ્ધ સોસાયટી, યમુનાનગર સોસાયટી, દેના બેંક કોલોની, શ્રીનાથ સોસાયટી, તથા ગોકુલ સોસાયટી કે જે મોડાસા નગરપાલિકાકમાં આવેલા વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ પાંચ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે. આ જાહેરનામુ તા ૧૧ જુન ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# અરવલ્લી જિલ્લામાં ૧૦૦ દર્દીઓ સ્વસ્થય થયા : ૯ લોકો કોરોનાની સારવાર હેઠળ



અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝિટીવના ૧૧૨ દર્દીઓ નોંધાયા હતા જે પૈકી ૧૦૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફર્યા છે જયારે ૯ દર્દીઓ હાલ કોરોનાની સારવાર લઈ રહ્યા છે.

આ અંગે વિગત આપતા જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જણાવ્યું હતું કે, જિલ્લામાં શુક્રવારના રોજ મોડાસા શહેરી વિસ્તારના ૭૦ વર્ષિય વૃધ્ધાનો કોરોનાનો રીપોર્ટ પોઝિટીવ આવતાની સાથે જિલ્લામાં કોરોનાનો આંક ૧૧૨ સુધી પહોચ્યો છે. આ નિયત્રિંત વિસ્તારમાં કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા પૂરતી તકેદારીના ભાગરૂપે આ વિસ્તારમાં આરોગ્યની ૩ ટીમો દ્વારા ૧૬૬ ઘરોની ૬૯૦ લોકોનું હાઉસ ટુ હાઉસ સર્વે ની કામગીરી કરવામાં આવી છે તે પૈકી ૮વ્યક્તિઓને કોરોનાને શંકાસ્પદ કોરાનાના લક્ષણ જણાતા હોમકોરેનન્ટાઈન કરવા માં આવેલ છે.

જિલ્લામાં નોંધાયેલ ૧૧૨ કેસ પૈકી ભિલોડાના એક અને મોડાસા મોડાસા શહેરના બે મળી કુલ ત્રણ લોકોના મોત થયા છે. જયારે મોડાસાની કોવિડ હોસ્પિટલ વધુ ત્રણ લોકોને રજા આપતા જિલ્લામાં ૧૦૦ લોકોની સારવાર પૂર્ણ થતા તેમને ઘરે પરત મોકલવામાં આવ્યા છે. અરવલ્લીમાં અત્યારે ૧૫૧૪ લોકોને હોમ કોરેન્ટાઈન કરાયા છે.

### કોરોના-કોવિડ-૧૯ની સ્થિતીમાંથી બહાર આવી

# MSME એકમો પ્રોત્સાહક-આર્થિક-ઔદ્યોગિક ગતિવિધિઓનો મહત્તમ લાભ લે:મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોવિડ-૧૯ કોરોના વાયરસની સ્થિતી પછી ઉદભવનારી આર્થિક-ઔદ્યોગિક ગતિવિધિઓનો મહત્તમ લાભ રાજ્યના MSME એકમો ઉઠાવી આપત્તિને અવસરમાં પલટવાની ગુજરાતની ખૂમારી ફરી ઝળકાવે તેવું આહવાન કર્યુ છે.

તેમણે આ સંદેર્ભમાં બેન્કોને પણ અનુરોધ કર્યો કે, સ્જીસ્ઈ એકમોને આવશ્યકતા મુજબ બેન્ક લોન-સહાય આપીને આ સેકટરને પૂનઃ વેગવંતુ બનાવવાનું દાયિત્વ બેન્કો નિભાવે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના જિલ્લામથકોએ ઉપસ્થિત રહેલા બેન્ક અધિકારીઓ, જિલ્લા ઊદ્યોગ કેન્દ્રોના જનરલ મેનેજરશ્રીઓ, MSME એકમોના સંગઠનોના પદાધિકારીઓ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ સાથે ઊદ્યોગ-વેપાર ક્ષેત્રને ફરી એ જ ગતિએ ધબકતા કરવાની કાર્યયોજનાનું સામૂહિક મંથન-ચિંતન કર્યુ હતું. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ પણ આ કોન્ફરન્સમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ભારત સરકારે પણ કોવિડ-૧૯ની સ્થિતીમાં વેપાર-ઊદ્યોગ-નાના-લઘુ ઊદ્યોગોને બેઠા કરવા જે ૨૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યુ છે તેમાં ૩.૫૦ લાખ કરોડનું પેકેજ સ્જીસ્ઈ માટે આપ્યું છે.

સ્જીસ્ઈ એકમોને કોલેટરલ ફ્રી લોન આપવાની પણ ભારત સરકારે જાહેરાત કરી છે તેનો મહત્તમ લાભ ગુજરાતના MSME એકમોને મળે તે માટે તેમણે બેન્કર્સને પ્રો-એકટીવ થવા સૂચન કર્યુ હતું. શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં ૩૩ લાખથી વધુ MSME એકમો દ્વારા દોઢ કરોડથી વધુ લોકોને રોજગારી મળે છે તેમજ આવા સ્જીસ્ઈ એકમોનો રિકવરી રેટ ૯૫ ટકાથી પણ વધારે છે. તેમણે બેન્કર્સને એવો પણ અનુરોધ કર્યો કે, રિઝર્વ બેન્કે રેપોરેટ ઘટાડયો છે તેમજ લીકવીડીટી (તરલતા) ફેસિલીટી વધુ વ્યાપક બનાવી છે ત્યારે રાજ્યના MSME એકમોને પણ વધુ સરળતાએ લોન-સહાય મળે તો આપણે વિકાસની રફતાર વેગવંતી બનાવી શકીશું.

મુખ્યમંત્રીશ્રીએ સ્જીસ્ઈ કમિશનરેટ, સિંગલ વિન્ડો સિસ્ટમ વગેરે દ્વારા બેન્ક અને MSME વચ્ચે સરકાર સેતુરૂપ બનશે એમ પણ જણાવ્યું હતું.

આ સંદર્ભમાં વિડીયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને ઊદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને ઊદ્યોગ વિભાગના અધિકારીઓ સાથે બેન્કર્સની વિશદ ચર્ચા-વિચારણાઓ હાથ ધરવામાં આવી હતી.

તદઅનુસાર, બેન્કોએ કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે જેમાં એવું નિર્ધારીત કરવામાં આવ્યું કે, બેન્કના હયાત MSME કસ્ટમર્સ જેમને વધુ લોનની સગવડતા મળેલી છે તેમણે આ વધારા માટે કોઇ માર્જિન મની આપવાના રહેશે નહિ.

જે MSME એકમો નવી લોન લેશે તેમને માર્જિન મની આપવાના રહેશે. એટલું જ નહિ, MSME અંતર્ગત સમાવેશ થયેલી સર્વિસ સેકટર ઇન્ડસ્ટ્રીને પણ બેન્ક લોનનો લાભ બેન્કર્સ આપશે.

પ્રવર્તમાન કોરોના-કોવિડ-૧૯ની પરિસ્થિતીમાંથી નાના-લઘુ-સુક્ષ્મ ઊદ્યોગોને ઝડપભેર પૂર્વવત કરવા બેન્કો મહત્તમ વ્યાજ દર ૯.૨૫ ટકાથી પણ ઓછા દરે લોન-સહાય આપશે તેવી લીડ બેન્કર્સ દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

રાજ્યમાં MSME એકમોને લોન-સહાય સરળ અને ત્વરાએ મળી રહે તે માટેના ફોલોઅપ સહિતની કામગીરી માટે એક સમિતિ રચવાનું ચેમ્બર્સ ઓફ કોમર્સ અને MSME એકમોના સંગઠનોએ સૂચન કર્યુ હતું.

આ સૂચનનો ત્વરિત પ્રતિસાદ આપતાં બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે આ હેતુસર દરેક જિલ્લામાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવશે. જિલ્લા ઊદ્યોગ કેન્દ્રના અધિકારી, લીડ બેન્ક ઓફિસર તેમજ ચેમ્બર ઓફ કોમર્સના અને MSME એકમોના સંગઠનના પદાધિકારીનો આ સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરાશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આ વિડીયો કોન્ફરન્સમાં જણાવ્યું કે, કોરોનાને કારણે વિશ્વભરમાં કરોડો લોકોના જનજીવન, વેપાર-ઊદ્યોગ ઠપ થઇ ગયેલા અને આપણે ચિંતામાં હતા કે આ સ્થિતીથી બેઠા કેમ થઇશું, ત્યારે પ્રધાનમંત્રીશ્રીએ મોટું રાહત પેકેજ આપીને રાજ્યના નાના-લઘુ ઊદ્યોગોને ઝડપથી થાળે પડવાની નવી તક આપી છે.

તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકાર તો આ માટે મદદરૂપ થાય છે પરંતુ બેન્કર્સ, ઊદ્યોગકારો સૌના સૂચનો અને સહયોગ મેળવવા આ કોન્ફરન્સ ઉપયુકત બનશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જેટલી ઝડપથી ગુજરાતમાં ઊદ્યોગો ફરીથી ચેતનવંતા થશે તેટલી ઝડપે અર્થતંત્રને, ઊદ્યોગોને શ્રમિકોને ફાયદો થશે. રાજ્યની વિકાસ યાત્રામાં ગતિ આવશે તેવો વિશ્વાસ પણ દર્શાવ્યો હતો.

તેમણે રિઝર્વ બેન્કે લીકવીડીટી-તરલતા પ્રાપ્ત થાય તેવી ફંડ વ્યવસ્થા કરી છે તેનો લાભ સ્જીસ્ઈને લેવા પણ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને ઊદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસે આ કોન્ફરન્સનો વિષય સ્પષ્ટ કરી ગુજરાતમાં FDI ગ્રોથરેટ દેશ કરતાં ૧૭ ગણું વધારે છે તેનો શ્રેય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વને આપ્યો હતો.MSME સેકટરના વિકાસમાં પણ ગુજરાત દેશમાં મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં અગ્રેસર છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ઊદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા,MSME કમિશનર શ્રી રંજીથકુમાર તથા ઇન્ડેક્ષ્ટ-બી ના એમ. ડી. નિલમ રાની આ બેઠકમાં જોડાયા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

### અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત લેતા પાણી પુરવઠામંત્રીશ્રી

# લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે: કુંવરજીભાઇ બાવળીયા



કપરાડા : અજીત પટેલ

વલસાડ જિલ્લાની કપરાડા અને ધરમપુરના ગામોમાં પાણીની સમસ્?યા દૂર કરવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ યોજનાની કામગીરીનું જાત નિરીક્ષણ રાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ કર્યુ હતુ. આ વેળાએ કપરાડા તાલુકાના ફતેપુર પાસેના ઇન્ટેક વેલ, તિસ્કરી જંગલ ખાતે પંપીગ સ્ટેશન, પેંઢારદેવી અને ખૂંટલીની મીની પાઇપલાઇનની મુલાકાત લઇ કામગીરીનો તાગ મેળવ્યો હતો.આ અવસરે મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું હતું કે, લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ પીવાના પાણી માટે મુશ્કેલી ન પડે તે માટે ચિંતા વ્?યકત કરી છે. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુરની પ્રજાજનો માટેની અસ્ટોલ પાણી પુરવઠા યોજનાનો ફેઇઝ-૧ જુન ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થાય તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. ધરમપુર, વલસાડ અને પારડીના બાકી રહેતા ગામોને અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજના સાથે કેવી રીતે જોડી શકાય તે માટે કાર્યવાહી ચાલુ છે.આ અવસરે મુખ્ય ઇજનેર બી.પી.પટેલે અસ્?ટોલ પાણી પુરવઠા યોજના હેઠળ ધરમપુર અને કપરાડાના ગામોમાં કેવી રીતે પાણી પહોંચાડવામાં આવશે તે નકશા દ્વારા અવગત કરવામાં આવ્?યા હતા. મંત્રીશ્રીની આ મુલાકાતવેળાએ નાયબ દંડક શ્રી આર.સી.પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ, પારડીના ધારાસભ્યશ્રી કનુભાઇ દેસાઇ, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઇ પટેલ, નવસારીના ધારાસભ્યશ્રી પીયુષભાઇ પટેલ, ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ, કપરાડા સામાજિક કાર્યકર જ્યેન્દ્રભાઇ ગાવિત, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઇજનેર શ્રી અલ્પેશભાઇ પટેલ સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# પરપ્રાંતીય શ્રમિકો કામદારોને તેમના વતન રાજ્ય પહોંચાડવા મુખ્યમંત્રીશ્રી નો માનવીય અભિગમ

### સમગ્ર દેશમાં ગુજરાતમાંથી સૌથી વધુ સ્પેશિયલ ટ્રેનો મારફત સૌથી વધુ શ્રમિકોને તેમના વતને પહોંચાડવામાં ગુજરાત અગ્રેસર

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા તા.૨૮મી મે, ગુરૂવારની રાત્રિ સુધીમાં દેશભરમાં સૌથી વધુ ૯૭૧ વિશેષ ટ્રેન દ્વારા આશરે ૧૪.૧૩ લાખ જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં સફળતાપૂર્વક મોકલવામાં આવ્યા છે. આમ સમગ્ર દેશમાં સૌથી વધુ ટ્રેનો મારફત સૌથી વધુ પરપ્રાંતિય શ્રમિકોને તેમના વતને પહોંચાડવામાં ગુજરાત અગ્રેસર રહ્યુ છે.મુખ્ય મંત્રીશ્રીએ પ્રવર્તમાન કોરોના વાયરસ અને લોક ડાઉન ની સ્થિતિમાં ગુજરાતમાં રોજી રોટી માટે વસેલા અન્ય રાજ્યોના શ્રમિકોને ખાસ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન દ્વારા તેમના વતન પહોંચાડવા માટે માનવીય અભિગમ દર્શાવી ૨૫ કરોડ રૂપિયા મુખ્ય મંત્રી રાહત નિધીમાંથી ના રેલવે મંત્રાલય ને ચૂકવવા ના આદેશો કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે વધુ વિગતો આપતા જણાવ્યું કે સમગ્ર દેશમાંથી પરપ્રાંતિય શ્રમિક ભાઈઓ-બહેનોને પોતાના વતન રાજ્યમાં પહોંચાડવા માટે તા. ૨૮ મી મે ની મધરાત સુધીમાં કુલ ૩,૭૨૪ જેટલી ટ્રેન ચલાવવામાં આવી છે આ ટ્રેનો મારફ્ત સમગ્ર દેશમાંથી ૫૧,૬૫,૧૩૯ શ્રમિકો પોતાના વતને પહોંચ્યા છે. આ ૩,૭૨૪ ટ્રેનો પૈકી ગુજરાતમાંથી સૌથી વધુ ૯૭૧ જેટલી ટ્રેનો દોડાવી ૧૪.૧૩લાખ જેટલા શ્રમિક ભાઈઓ-બહેનોને પોતાના વતન રાજ્યમાં કોઇપણ અડચણ કે મુશ્કેલી વગર પહોંચાડવામાં આવ્યા છે. સચિવ શ્રી એ ઉમેર્યુ કે પરપ્રાંતિય શ્રમિક ભાઈઓ-બહેનોને તેમના વતન રાજ્ય પહોંચાડવા માટે સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાંથી ૩,૭૨૪ ટ્રેન ચલાવવામાં આવી છે. આ ૩,૭૨૪ ટ્રેનો પૈકી આંધ્રપ્રદેશમાંથી ૭૦, આસામમાંથી ૦૧, બિહારમાંથી ૨૧૨, ચંદીગઢમાંથી ૧૧, દિલ્હીમાંથી ૨૨૩, ગોવામાંથી ૩૯, હરિયાણામાંથી ૯૨, જમ્મુ-કાશમીરમાંથી ૧૯, ઝારખંડમાંથી ૦૨, કર્ણાટકમાંથી ૧૮૫, કેરલમાંથી ૫૮, મધ્યપ્રદેશમાંથી ૦૮, મહારાષ્ટ્રમાંથી ૭૪૯, નાગાલેન્ડમાંથી ૦૧, ઓરિસ્સામાંથી ૦૩, પોંડિચેરીમાંથી ૦૨, પંજાબમાંથી ૩૮૯, રાજસ્થાનમાંથી ૧૧૫, તમિલનાડુમાંથી ૧૮૮, તેલંગાણામાંથી ૧૩૧, ત્રિપુરામાંથી ૦૮, ઉત્તરપ્રદેશમાંથી ૨૧૦, ઉત્તરાખંડમાંથી ૧૩, પશ્ચિમ બંગાળમાંથી ૦૨ ટ્રેન અને સૌથી વધુ ગુજરાતમાંથી ૯૭૧ ટ્રેન ચલાવવામાં આવી છે.સચિવ શ્રી એ વધુમાં ઉમેર્યું કે તા. ૨૮મી મે મધરાત સુધીમાં ગુજરાતમાંથી અન્યો રાજયોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં મોકલવા જે ૯૭૧ ટ્રેનો ચલાવવામાં આવી છે તેમાં ઉત્તરપ્રદેશ માટે ૫૫૭, બિહાર માટે ૨૩૦, ઓરિસ્સા માટે ૮૩, ઝારખંડ માટે ૩૭, મધ્યપ્રદેશ માટે ૨૪, છત્તીસગઢ માટે ૧૭ મુખ્યત્વે છે. વિવિધ જિલ્લાઓમાંથી આવી શ્રમિક સ્પેશ્યલ ટ્રેન ચલાવી આશરે ૧૪.૧૩ લાખ જેટલા શ્રમિક ભાઈઓ-બહેનોને તેમના વતન રાજ્યમાં પહોંચાડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ આ વિશેષ ટ્રેનો મારફતે ગુજરાતમાંથી જે શ્રમિકોને વતન મોકલવામાં આવી રહ્યા છે તેની વિગતો આપતા કહ્યું કે, પરપ્રાંતિયો મજૂરો, શ્રમિકો ખુબ સારી વ્યવસ્થા અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે સ્પેશ્યલ શ્રમિક ટ્રેનમાં તેમના વતન રાજ્ય જાય છે. એટલું જ નહિ, જિલ્લા વહિવટીતંત્ર આવા શ્રમિકોને રેલ્વે સ્ટેશન સુધી પહોચાડવાની વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે.

### પાંથાવાડામાં મનરેગાના શ્રમિકોને

# પાંથાવાડા યુવા ગ્રુપના ચેરમેન જીગ્નેશભાઈ ત્રિવેદી દ્વારા નાસ્તો, માસ્ક તેમજ સેનેટઈઝ વિતરણ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા તાલુકાના પાંથાવાડામાં માનસરોવર તળાવ ખાતે સરકાર શ્રી દ્વારા લોક ડાઉન ને લઈને ગરીબ વર્ગને તકલીફ ના પડે અને રોજગારી મળી રહે તે હેતુથી મનરેગા કામ ચાલુ કરવામાં આવ્યું છે જેમાં અંદાજિત ૨૦૦ થી ઉપર શ્રમિકો કાર્ય કરી રહ્યા છે તેને લઈને પાંથાવાડા ના યુવા ગ્રુપના ચેરમેન અને કર્મનિષ્ઠ એવા જીગ્નેશભાઈ ત્રિવેદી દ્વારા અનેક વખત દાંતીવાડા અને પાંથાવાડા ના લોકોને અવિરત સેવા આપી રહ્યા છે જ્યારે આજે પાંથાવાડા ખાતે ચાલી રહેલ મનરેગા કામના આ સ્થળે જઈને જાત નિરીક્ષણ કરીને તમામ શ્રમિકો ને નાસ્તો માસ્ક તેમજ સેનેટઈઝ નું વિતરણ કરીને આ કોરોનાની મહામારી થી કેવી રીતે બચાવ કરવો એવા સૂચનો પણ આપવામાં આવ્યા હતા

### કેવડિયાના ૧૪ ગામોના આદિવાસી સમાજ પર થઇ રહેલ અત્યાચાર મામલે

# અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધીએ સીએમ ને પત્ર લખ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

સરદાર સરોવર નર્મદા નિગમ આદિવાસી ખેડૂતોની જમીનો ખોટી રીતે પડાવી રહી છે, સરકાર લોકડાઉનનો ગેરફાયદો ઉઠાવી વિવાદિત જમીનો પર વીસેક દિવસ થી માપણી કાર્ય તેમજ તારની વાડ કરાવી રહી છે જે અંગે સ્થાનિક લોકો કે આગેવાનો ને કોઈ પણ જાત ની જાણ કર્યા વિના જાણે કર્ફ્યુ લાગ્યું હોય પોલિસ તૈનાત કરી દેવામાં આવે છે જેનાથી આ ગામોમાં હાલ ભયંકર ડર નો માહોલ ઉભો થયો છે અને આદિવાસી સમાજ સાથે થઇ રહેલ દુર્વ્યવહારનો વિડીયો વાયરલ થતા આદિવાસી સમાજના અગ્રણીઓ અને લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અને આદિવાસી સમાજના અગ્રણી રાજેન્દ્ર પારધીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી આદિવાસી સમાજ પર અત્યાચાર ગુજારનાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે આદિવાસી સમાજના લોકોને ન્યાય આપવા માંગ કરી છે .

અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અને જિલ્લા પંચાયત સદસ્ય રાજેન્દ્ર પારગીએ સીએમને પત્ર લખી જણાવ્યું છે કે, કોરોના વાઇરસથી મહામારીથી દેશ અને ગુજરાત રાજ્યના લોકો પરેશાન છે તેમજ લોકડાઉન અમલમાં હોઇ ગરીબ શ્રમજીવી , મધ્યવર્ગ આર્થિક રીતે પરેશાન છે આવા કપરા સમયમાં નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની આદિવાસી વિસ્તારના ૧૪ ગામોમાં સરદાર સરોવર નિગમ દ્વારા આદિવાસી વિસ્તારની જમીનો હડપ કરવામાં આવી રહી છે જમીન ખાલી કરાવવા થઇ રહેલ અત્યાચારનો વિડીયો જોઈ અંત્યત દુખી થયો છું આદિવાસી સમાજ પર અત્યાચાર કરી રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ સામે તંત્રએ સરકાર તાત્કાલિક પગલાં લેવા જોઈએ તેવી માંગ કરી હતી

સ્થાનિક તંત્રએ આ ગામોના સરપંચ, આદિવાસી સમાજના સ્થાનિક અગ્રણીઓ અને જમીન ધારકોને સંમતી વિના અગાઉ જાણ કર્યા વિના લોકડાઉન લાભ લઈ માપણી કરી કાર્ય અને ફેનસિંગની વાડ કરાઇ રહી છે. જાણે કર્ફયુ લાગુ હોય તેમ અને પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે .તેમજ આદિવાસી સમાજના આગેવાનો સમાજના હક્ક અને અધિકાર માટે શાંતિ પૂર્વક ગાંધી ચિંધ્યા માર્ગે રજૂઆત કરતાં તેમની પર ખોટા કેસ કરી ફસાવવામાં આવી રહ્યા છે તે બંધ કરવામાં આવે અને કેવડિયા કોલોનીના આદિવાસી વિસ્તારના ગામોને ન્યાય આપવાની માંગ કરી હતી ન છૂટકે સમગ્ર રાજયના આદિવાસીઓ દ્વારા કેવડિયા કોલોની ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી

### મોડાસા શહેર હોટસ્પોટ તરફ

# ૨૪ કલાકમાં ૫ લોકો કોરોના પોઝેટીવ અરવલ્લીમાં ૭ કોરોના પોઝેટીવ સાથે ૧૧૮ પર પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે આરોગ્ય તંત્રએ કોરોનાના ટેસ્ટ કરવાનું ઓછું કરી દીધું હોવાના આક્ષેપ વચ્ચે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે મોડાસા શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકો કોરોનાગ્રસ્ત બનતા ૩૭ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે જેમાં મોડાસા શહેરના યુવક અને એક વૃદ્ધને કોરોના ભરખી ગયો છે મોડાસા શહેરમાં કોરોનાના કહેરથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ભિલોડા તાલુકાના રાનીઓડ અને સાતરડા ગામે એક એક કોરોના પોઝેટીવ કેસ નોંધવાની સાથે જીલ્લામાં ૧૧૮ લોકો અત્યાર સુધી કોરોનાગ્રસ્ત બન્યા છે મોડાસા શહેરમાં ૪ કોરોના પોઝેટીવ દર્દીઓ મળી આવ્યા તે વિસ્તારમાં થર્મલ સ્ક્રીનીંગ હાથ ધરાયું હતું અને નગરપાલિકા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ સહિત સેનેટાઈઝેશન કામગીરી હાથ ધરાઈ હતી.

અરવલ્લી જિલ્લામાં લોકડાઉનની અમલવારીના ૨૩ મા દિવસે પ્રથમ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો હતો અને પછી તો જેમ જેમ જિલ્લા અને રાજય બહારથી લોકો જિલ્લામાં આવતા ગયા એમ જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધતુ જ ગયું અને છેલ્લા ૪૫ દિવસોમાં જ જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓના આંક ૧૧૮ દર્દીએ પહોંચ્યો હતા. મોડાસા શહેરમાં ૩૭ દર્દીઓ કોરોના પોઝીટીવ,તાલુકાના ૧૯ મળી કુલ ૧૧૮ દર્દીઓ પૈકી ૫૬ દર્દી તો માત્ર મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જ નોંધાયા છે.

. એક તરફ સરકાર લોકડાઉન-૪માં રાહત આપી છે અને બીજી બાજુ કેસોમાં વધારો થતો જાય છે ત્યારે સરકાર માટે પણ હવે આકરી કસોટી છે. હાલ તો અરવલ્લીના આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. બીજી બાજુ વહીવટી તંત્ર દ્વારા મોડાસા કોરોનાગ્રસ્ત વિસ્તારોને અને જિલ્લાના અન્ય કોરોના પોઝેટીવ દર્દીઓના વિસ્તારને કન્ટેઈમેન્ટ એરીયા તરીકે જાહેર કરી દીધો છે અને આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથધરી છે

# નિવૃત કર્મચારી મંડળ મોડાસા દ્વારા સાર્વજનિક હોસ્પિટલને રૂપિયા ૩૧ હજારનું દાન



મોટી ઈસરોલ, તા.૩૦

તાજેતરમાં ચાલી રહેલ કોરોના ની મહામારીમાં મોડાસા નિવૃત્ત કર્મચારી મંડળ અરવલ્લી જિલ્લામાં અનેક સંસ્થાઓમાં લાખો રૂપિયા દાન આપી ઉત્તમ કામગીરી કરતા રહે છે હમણાં જ મુખ્યમંત્રી રાહત ફંડ માં રૂપિયા એકાવન હજાર જેવી માતબર રકમ ને આપ્યા પછી અરવલ્લી જિલ્લામાં કોરોના ના દર્દીઓની સેવા કરતી સાર્વજનિક હોસ્પિટલમાં પ્રમુખ શ્રી શંકરભાઈ જે પટેલ મહામંત્રી શ્રી વિઠ્ઠલભાઈ પરમાર ઉપપ્રમુખશ્રી ચીનુકાકા તથા રામભાઇ પટેલ તેમજ કારોબારી સભ્ય કચરાભાઈ પ્રજાપતિ ની ઉપસ્થિતિમાં સાર્વજનિક હોસ્પિટલ ના માનદ મંત્રી શ્રી પિયુષભાઈ પટેલ તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મામા ને રૂપિયા ૩૧ હજારનો ચેક અર્પણ કરેલ છે નિવૃત કર્મચારી મંડળના પ્રમુખશ્રી શંકરભાઇ પટેલના જણાવ્યા પ્રમાણે આવનારા સમયમાં અમે આવા ઉત્તમ કાર્યો કરી શકીએ તે માટે નિવૃત કર્મચારી મંડળના તમામ સભ્યોને આ જ રીતે ઉદાર હાથે દાન આપેલ હોય સૌનો આભાર માન્યો હતો

### ઈડર તાલુકાના કાવા ગામમાં

# મનરેગાના કામદારોને છાસ વિતરણ વારા કોવિડ-૧૯ માટે બૉડી ટેમ્પરેચર ચેક કરવામાં આવ્યું



ઈડર તાલુકાના કાવા ગામમાં મનરેગાના કામદારોને છાસ વિતરણઅને ADHO ડૉ.ચારણ સાહેબ તેમજ આરોગ્ય ટીમ કાવા ધ્વારા કોવિડ૧૯ માટે બૉડી ટેમ્પરેચર ચેક કરવામાં આવ્યું.જેમાં ઈડર વિધાનસભાના ધારાસભ્ય શ્રી હીતુભાઈ કનોડીયા સાહેબ, તાલુકા પ્રમુખ પ્રેમલભાઈ દેસાઈ, મહામંત્રી રાજેશભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, T.D.O. શ્રી કે. કે. ચૌધરી સાહેબ , ભાજપા ઉપ પ્રમુખ રમણભાઈ , BJYM પ્રમુખ તરૂણ એમ. પટેલ , મહામંત્રી કાન્તીજી ઠાકોર , પૂર્વ જિલ્લા સદસ્ય હંસાબેન પરમાર, જયેશ ભાઈ(પ્રમુખ ૨૭ સમાજ), દિનેશભાઈ (પુર્વ તાલુકા સદસ્ય), જે.એમ પટેલ (પુર્વ અધ્યક્ષ તા.પ.), પી.ડી રાઠોડ(પુર્વ સરપંચ), રમેશભાઈ પરમાર, તલાજી ઠાકોર, રજુભાઈ પરમાર ,આરોગ્ય સ્ટાફ શ્રી રાજુભાઈ પટેલ, સેજલ બેન પટેલ ,તલાટી શ્રી રીન્કુ બેન પટેલ, સરપંચ અમિતભાઈ, ડે. સરપંચ રાજેશ ઠાકોર તેમજ કમિટી સભ્યો તેમજ ગામના આગેવાન તેમજ સ્વયંસેવક યુવા મિત્રો હાજર રહ્યા...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.